BAOU Education for All
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# રાજકીય વિચારધારા તરીકે રાષ્ટ્રવાદનો ખ્યાલ

**Dr. Diptiba Kishorsinh Gohil**
**Assistant Professor, Political Science, SHSS**
**Dr.Babasaheb Ambedkar Open University,**
**Ahmedabad**

## કી-વર્ડ :

**રાજ્ય, રાષ્ટ્ર, રાષ્ટ્રીયતા, વિકસિત રાષ્ટ્ર, રાષ્ટ્ર વિકાસશીલ રાષ્ટ્ર, અલ્પવિકસિત રાષ્ટ્ર, રાજકીય વિચારધારા, ભાવનાત્મક ખ્યાલ**

19 મી અને 20 મી સદી વિચારધારાની સદી ગણાય છે. આ સમયગાળામાં ઘણી વિચારધારા પ્રચલિત બની જેમાંથી પૈકી એક એટલે રાષ્ટ્રવાદ.રાષ્ટ્રવાદ એક ભાવનાત્મક ખ્યાલ છે. તે એક એવી રાજકીય વિચારધારા તથા વિભાવના છે જેમાં વ્યક્તિની રાજકીય વફાદારી અને આજ્ઞાધીનતા મુખ્યત્વે રાષ્ટ્ર રાજ્ય સાથે જોડાયેલી છે.

## □ પૂર્વભૂમિકા

રાષ્ટ્ર,રાજ્ય,રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રવાદ આ બધા શબ્દોના અર્થમાં તફાવત છે. રાષ્ટ્રવાદ એ 19 મી અને 20 મી સદીની અગત્યની રાજકીય વિચારધારા છે.રાષ્ટ્ર પ્રત્યેનો અસીમ પ્રેમ,રાષ્ટ્રીયતાનો ભાવ એ જ રાષ્ટ્રવાદ છે. એફ.એચ.હિન્સના મતે " રાજકીય વફાદારી રાષ્ટ્ર તરફ હોવાનું અનુભવવું એવા પ્રકારની માનસિક અવસ્થા એટલે રાષ્ટ્રવાદ." રાષ્ટ્ર શબ્દની ઉત્પત્તિ લેટીન શબ્દ Natio ( નેશીયો) પરથી થઇ છે.જેનો અર્થ થાય છે "જન્મ લેવો." અમુક નિશ્ચિત પ્રદેશ ઉપર વસતા લોકોના સમુહને રાષ્ટ્ર કેહવાય છે. રાષ્ટ્રવાદમાં પોતાના અંગત હિત,જ્ઞાતિ, જાતિ કે પ્રદેશના હિતને ગૌણ ગણીને રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપવાનો ખ્યાલ રહેલો છે. રાષ્ટ્રવાદ એક એવી વિચારધારા છે જેમાં રાષ્ટ્રીય હિત અને રાષ્ટ્રીય કલ્યાણને સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવે છે.

## □ રાષ્ટ્રવાદનો ઉદ્ - વિકાસ

આધુનિક યુગમાં રાષ્ટ્રવાદનો ઉદ્ભવ ફ્રાન્સની રાજ્યક્રાંતિથી થયો એમ કહી શકાય.આ ક્રાંતિએ સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વનો ખ્યાલ વિશ્વને આપ્યો.પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રભાવોને કારણે રાષ્ટ્રવાદની ભાવના ફેલાતી ગઈ.ગ્રીસમાં રાષ્ટ્રવાદી ભાવનાને કારણે 1829 માં તે સ્વતંત્ર થયું.જેના કારણે ધીરે ધીરે હોલેન્ડ,સ્પેન,પોલેન્ડ,ઓસ્ટ્રેલીયા નોર્વે, સ્વીડન વગેરે દેશોમાં પણ આ રાષ્ટ્રવાદી ભાવનાનો પ્રચાર અને પ્રસાર થયો. 1857 માં ભારતની ક્રાંતિ એક રીતે રાષ્ટ્ર ક્રાંતિ જ હતી. યુરોપમાં નવજાગૃતિ,ધર્મસુધારણા,વૈજ્ઞાનિક શોધખોળ વગેરે કારણોએ રાષ્ટ્રવાદના ઘડતરમાં પોતાનો ફાળો આપ્યો છે. 20 મી સદીમાં એશિયા તથા આફ્રિકામાં આ રાષ્ટ્રવાદની ભાવના મજબુત બની.

રાષ્ટ્રવાદ મુખ્યત્વે એક મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ પણ છે. દરેક દેશની વિશિષ્ટતાઓ, ઐતિહાસિક,સામાજિક,ધાર્મિક,રાજકીય,સંસ્કૃતિક,આધ્યાત્મિક, નૈતિક અને વૈચારિક પરિસ્થિતિઓમાં વિભિન્નતાને કારણે રાષ્ટ્રવાદનો ખ્યાલ પણ સમય,સંજોગ અને સ્થળ પ્રમાણે બદલાયો છે. યુરોપ અને આફ્રિકાના રાષ્ટ્રવાદમાં, 19 મી અને 20 મી સદીના રાષ્ટ્રવાદમાં તફાવત છે. અલગ-અલગ દેશમાં રાષ્ટ્રવાદે સારું કે ખરાબ, રચનાત્મક કે વિધ્વંસકારી, સકારાત્મક કે નકારાત્મક, ભૌતિક કે આધ્યાત્મિક સ્વરૂપે વિકાસ પામ્યો છે.

## □ ભારતમાં રાષ્ટ્રવાદ

ભારતમાં રાષ્ટ્રવાદના ઉદ્ભવના ચોક્કસ કારણો હતા. જેમ કે બ્રિટીશ સામ્રાજ્યવાદ, યુરોપીય દેશો સાથે સંપર્ક, પશ્ચિમી શિક્ષણ અને સંસ્કૃતિનો પ્રભાવ, પ્રાચીન સંસ્કૃતિનો અભ્યાસ, ધાર્મિક અને સામાજિક પુનઃ જાગૃતિની અસર જેમાં ખાસ કરીને બ્રમ્હ સમાજ, આર્ય સમાજ, પ્રાર્થના સમાજ, રામકૃષ્ણ મિશન, થિયોસોફીકલ સોસાયટી, સંદેશાવ્યવહારના સાધનોનો વિકાસ, અંગ્રેજોની શાસનનીતિ અને રાજકીય કારણો ઉપરાંત લોકોની જાગૃતિ તે માટે જવાબદાર હતી.

## □ રાષ્ટ્રવાદ માટે જવાબદાર પરિબળો

1. સમાન ભાષા સાહિત્ય
2. સમાન ધર્મ
3. સમાન જાતિ
4. સમાન સંસ્કૃતિ
5. સમાન ઈતિહાસ
6. ભૌગોલિક નાજ્દીકતા
7. ભૂતકાળનો ભવ્ય વારસો

## □ રાષ્ટ્રવાદના પ્રકારો

રાષ્ટ્રવાદને જુદા જુદા સમયે વિવિધ દ્રષ્ટિકોણથી વિચારવામાં આવ્યો હોવાથી તેના પ્રકારો પણ ઘણા છે. હેજે રાષ્ટ્રવાદને માનવીય,ઉદારવાદી,પરંપરાવાદી, ઉત્તરદાયી અને સમગ્ર રાષ્ટ્રવાદ જેવા પાંચ સ્વરૂપોમાં વિભાજન કર્યું છે. રાષ્ટ્રવાદનું દરેક સ્વરૂપ આંતરરાષ્ટ્રીય નીતિ ઉપર પોતાનો વિશિષ્ટ પ્રભાવ પાડે છે.

### 1. રૂઢીવાદી રાષ્ટ્રવાદ

પરંપરાગત રીતે સદીઓથી જે ચાલતું આવ્યું છે તે રાષ્ટ્રીય છે અને તેની રક્ષા કરવી તે રાષ્ટ્રવાદ છે તેવો મત રૂઢીવાદી રાષ્ટ્રવાદ ધરાવે છે. બ્રિટનના રૂઢિવાદીઓ આ દ્રષ્ટિકોણના સમર્થક છે.અહિયાં રાષ્ટ્રને સાધ્ય અને વ્યક્તિને સાધન માનવામાં આવે છે.

### 2. ઉદારવાદી રાષ્ટ્રવાદ

ઉદારવાદી રાષ્ટ્રવાદ 19 મી સદીમાં ઈંગ્લેન્ડમાં ઉદભવ્યો હતો. જેના મુખ્ય પુરસ્કર્તા જેરેમી બેન્થામ અને જ્હોન સ્ટુઅર્ટ મિલ હતા.ઉદારવાદી રાષ્ટ્રવાદનું તત્વ આર્થિક સ્વાતંત્ર્યના સાહસના સ્વાતંત્ર્યમાં સમાયેલું છે. ઉદારવાદી રાષ્ટ્રવાદ રાષ્ટ્રીય સ્વતંત્રતાનું સમર્થન કરે છે. જે દરેક રાષ્ટ્ર પ્રત્યે સહિષ્ણુતાની ભાવના ધરાવે છે.

### ૩. જનવાદી રાષ્ટ્રવાદ

જનવાદી રાષ્ટ્રવાદ સર્વ સામાન્ય બધા લોકોને રાષ્ટ્રનું પ્રતિક માને છે. તેના મતે જનતા જ વાસ્તવિક રાષ્ટ્ર છે અને તેના અધિકારો તથા હિતોનું રક્ષણ અને સંપાદન એ જ સાચો રાષ્ટ્રવાદ છે.વ્યક્તિગત સ્વતંત્રતા,સમાનતા અને ભાતૃભાવ જનવાદી રાષ્ટ્રવાદનો મૂળ મંત્ર છે.

### 4. એકાધિકારવાદી રાષ્ટ્રવાદ

આ રાષ્ટ્રવાદ મુજબ વ્યક્તિએ પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર રેહવું એ જ સાચો રાષ્ટ્રવાદ  છે. તેના મતે રાષ્ટ્ર સાધ્ય અને વ્યક્તિ સાધન માત્ર છે. રાષ્ટ્રની ઉન્નતિમાં જ તે વ્યક્તિની ઉન્નતી અને કલ્યાણ છે. આ રાષ્ટ્રવાદ વ્યક્તિના અધિકારોની બદલે તેની કર્તવ્યપરાયણતા ઉપર વધુ ભાર આપે છે.

### 5. માર્કસવાદી રાષ્ટ્રવાદ

માર્કસવાદી દ્રષ્ટિકોણ મુજબ રાષ્ટ્રવાદનું સ્વરૂપ જુદા પ્રકારનું  છે. માર્કસવાદના મતે શ્રમિક વર્ગની ઉપેક્ષા થાય છે. માર્કસવાદી રાષ્ટ્રવાદ એ વર્ગવિહીન સમાજ અને રાજ્યમાં માને છે કે જ્યાં પરસ્પર સહકાર અને પ્રેમ હોય. માર્કસવાદની નીતિ એ સ્વરૂપમાં રાષ્ટ્રીય અને લક્ષ્યમાં સમાજવાદી છે.

## □ રાષ્ટ્રવાદને અવરોધતા પરિબળો

1. સંકુચિત દ્રષ્ટિકોણ

2. શિક્ષણનો અભાવ

3. સ્વયં જાગૃતિનો અભાવ

4. ભૌગોલિક વાતાવરણની અસર

5. પ્રદેશવાદ અને જાતિવાદ

રાષ્ટ્રવાદની તરફેણ કે વિરોધ કરવો એ નક્કી કરવું મુશ્કેલ બાબત છે. કારણકે આ બાબતનો આધાર એ બાબત પર રહેલો છે કે રાષ્ટ્રના લોકો તેનો ઉપયોગ કેવી રીતે કરે છે. એક તરફ અનેક રાષ્ટ્રોએ રાષ્ટ્રવાદી ભાવનાથી પ્રેરાઈને પોતાનું સાથે સંપૂર્ણ માનવતાનું કલ્યાણ કર્યું છે. બીજી બાજુ ઘણાએ રાષ્ટ્રવાદના નામે આતંક ફેલાવી આંતરરાષ્ટ્રીય અશાંતિમાં વધારો કર્યો છે.

રાષ્ટ્રવાદને કારણે લોકોમાં નૈતિક ચારીત્ર્યનો વિકાસ થાય છે. લોકોમાં પરસ્પર એકતા,શાંતિ,સહકાર અને સહઅસ્તિત્વની ભાવના આવે છે. સામ્રાજ્યવાદનો અંત લાવવામાં રાષ્ટ્રવાદનું મહત્વનું યોગદાન છે. સૈદ્ધાંતિક રીતે લોકશાહીના વિકાસમાં પણ તે આવશ્યક છે કારણ કે તે રાષ્ટ્રોના આત્મનિર્ણય અને જાતિના અધિકારોનું સમર્થન કરે છે. અરવિંદ ઘોષનો વિશ્વાસ હતો કે માનવ જાતિના વિકાસ માટે રાષ્ટ્રવાદ પ્રથમ આવશ્યકતા છે. તેમના મતે " રાષ્ટ્રનો વિકાસ મનુષ્યનો વિકાસ છે."

રાષ્ટ્રવાદની સૌથી વધારે આલોચના 20 મી સદીમાં રવીન્દ્રનાથ ટાગોર દ્વારા કરવામાં આવી છે. ટાગોરના મતે રાષ્ટ્રએ સ્વાભાવિક તત્વ નથી. શક્તિ માટે બનાવવામાં આવેલ સંગઠન રાષ્ટ્ર હોય છે.તેમના મતે રાષ્ટ્રીયતા જ સામ્રાજ્યવાદને જન્મ આપે છે. રાષ્ટ્ર ભક્તિ વ્યક્તિગત સ્વતંત્રતાને સમાપ્ત કરી દે છે. વ્યક્તિ રાષ્ટ્રરૂપી મશીનનો દાસ બની જાય છે. આધુનિક લોહિયાળ ક્રાંતિ માટે રાષ્ટ્રવાદ જ જવાબદાર છે તેવું ટાગોર માનતા હતા.

## □ સંદર્ભ ગ્રંથ :


1. પ્રવીણ શેઠ " ભારતનો બંધારણીય વિકાસ", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

2. જી.ડી.પરીખ " રોય : વિચાર દોહન", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

3 EPS રાજકીય સિદ્ધાંતો અને સંસ્થાઓનો પરિચય, બ્લોક 07, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.